જય પરમાત્મા



વિષયેષ્વસક્તો દિવ્યાત્માં નિર્વિકારી મહાન્ ગુરુઃ ।
તમસો રજસઃ સત્વાત્ પરઃ પૂર્ણો વિરાજતે ।
યદીયં જીવિતં ધર્મ પ્રેમ્ણા પૂર્ણ પ્રવિધતે ।
નિત્યશ્ચ શાશ્વતો ભવ્યઃ તં ગુરું વલ્લભં નુમઃ ॥

જેઓ વિષયોમાં અનાસક્ત છે, જેઓ દિવ્યાત્મા છે, નિર્વિકારી છે અને મહાન ગુરુ છે; તમસ્, રજસ્ અને સત્વ ગુણથી પર છે, પૂર્ણરૂપે વિરાજે છે, જેઓનું જીવન ધર્મ – પ્રેમથી ભરપૂર છે; તે નિત્ય અને સનાતન, ભવ્ય એવા ગુરુદેવ વલ્લભ (વ્યાસ) ને અમો પ્રણામ કરીએ છીએ.

સદ્ગુરુપ્રેરિતાઃ સર્વાઃ ક્રિયાઃ યેન સ્વજીવને ।
ઉતારિતાઃ કૃતં યેન ગુરૌ સ્વાત્મસમર્પણમ્ ॥
ગુરુદેવપૂજાયાં યેન સર્વસ્વં વિનિવેદિતમ્ ।
રમૂજીલાલમમલં તં ગુરું સર્વદા નુમઃ ॥

જેમણે સદ્ગુરુથી પ્રેરિત થતી સર્વ ક્રિયાઓને જીવનમાં ઉતારી છે, ગુરુદેવમાં પોતાના આત્માનું સ્વાર્પણ કર્યુ છે, (અરે!) ગુરુદેવની પૂજામાં જેઓએ સર્વસ્વનું સમર્પણ કર્યું છે તે શ્રીરમુજીલાલ ગુરુને અમો સર્વદા પ્રણામ કરીએ છીએ.

વર્ષ-૧૪, અંક-૦૬, સંવત ૨૦૭૪ દ્વિ જેઠ સુદ-૧૩
રવિવાર તા. ૨૭-૬-૨૦૧૮
છુટક નકલ રૂ.૬-૦૦, વાર્ષિક લવાજમ રૂ.૭૦-૦૦

(ગતાંગથી ચાલુ...)

જે પ્રવાહ આત્મા અને અનાત્માના જ્ઞાન-વિવેક વડે વહીને આત્મબ્રહ્મથી ઉપડીને કૈવલ્ય-મોક્ષ પર્યંત પહોંચે, ત્યારેજ અટકે તે સિવાય અધવચ (અક્ષરધામ, જુઓ પ્ર. ૬. નં. ૩૦; ઈશ્વરકોટી, જુઓ પ્ર.૬.નં.૪૧, કે સ્વર્ગમાં, જુઓ પ્ર. ૬. નં. ૬૬) કોઈ સ્થળે ન અટકે, તેને કલ્યાણવહ પ્રવાહ માનેલો છે. જેને બીજા અર્થમાં અમૃત યા મોક્ષધર્મ કહેવાય છે. તે પણ બે પ્રકારના છે. (૧) કર્મમુક્તિ કે જેમાં ક્રમાનુસાર આત્મા ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરતો રહે, યોગ સાધતો રહે અને એમ કરતાં અનેક જન્મોએ મોક્ષ પ્રાપ્ત કરે, તેને કર્મ મુક્તિ કહેલ છે. પરંતુ (૨) સદ્યોમુક્તિ એટલે જેમાં પરમેશ્વરની પ્રાપ્તિ થતાં સુધી, આત્મા કોઈપણ સ્થળે અટકે નહિ, અન્ય કોઈનું ધ્યાન કરે નહિ અને પરમેશ્વરની ઉપાસનામાંજ નિમગ્ન રહે અને એકજ જન્મે અગર મોડામાં મોડા બે જન્મે સત્વર મોક્ષ પ્રાપ્ત કરે, તે સધોમુક્તિ છે. કર્મમુક્તિ કરતાં સધોમુક્તિ શ્રેષ્ઠ અને ત્વરિત ફળ આપનારી છે. તેને માટે પ્રથમ આત્મજ્ઞાન અને પરમાત્મજ્ઞાનની આવશ્યકતા છે. કેમકે ''ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ । (શ્રુતિઃ)'' એટલે જ્ઞાન વિના મુક્તિ નથી. જેવી રીતે પકવાન બનાવવાથી પેટ ભરાતું નથી પણ તેનું ભોજન કર્યાથી પેટ ભરાય છે, તેમ યોગસાધના કે ધ્યાન વિના એકલા જ્ઞાનથી મુક્તિ થતી નથી. ''યોગમાર્ગે મોક્ષ એવ પ્રાર્થયન્તે । (ભિક્ષુકોપનિવત્ પં.૬); તસ્માધોગાત્પરતરો નાસ્તિ માર્ગસ્તુ મોક્ષદઃ ॥ (યોગ શિખોપનિષત્, અ. ૧, મં. ૫૩)'' કેમકે યોગમાર્ગ વડેજ મોક્ષની પ્રાર્થના (ઉપાસના-ભક્તિ) થઈ શકે છે અને તેજ ઉપાસના પરમેશ્વર સુધી પહોંચી શકે છે, તેથી કરીને યોગમાર્ગ સિવાય મોક્ષ આપનાર બ્રહ્મકર્મ સિદ્ધિનો બીજો કોઈપણ માર્ગ નથી.

જેમ કોઈ મનુષ્ય હીરાની પરીક્ષા કરવાનું શીખીને લક્ષમુદ્રાનો હીરો ઓળખે, તેથી તે ધનવાન કહેવાતો નથી, પરંતુ જ્યારે લક્ષમુદ્રાનો હીરો પોતાને ઘેર ખરીદી લાવે ત્યારેજ તે ધનવાન કહેવાય છે; તેમ એકલા જ્ઞાનથી કલ્યાણ કે મોક્ષ થતો નથી. માટે જ્ઞાન મેળવીને સત્કર્મ કર્યા વિના બેસી રહેવાથી

મોક્ષપ્રાપ્તિ થવાનું માનવું તે ગંભીર ભૂલ છે. પક્ષીરૂપ આત્માની જ્ઞાન અને ધ્યાન એવી બે પાંખો છે. જેમ એક પાંખથી પક્ષી ઊડી શકતું નથી તેમ ''કેવલાત્કર્મણો જ્ઞાનાન્ન મોક્ષોડભિ જાયતે'' એટલે એકલા જ્ઞાનથી કે એકલા ધ્યાનથી કોઈપણ આત્માનો મોક્ષ થતો નથી. જ્ઞાનને શ્રેષ્ઠ એટલાજ માટે માનેલું છે કે :- અમુક ગામ જવું હોય તો પ્રથમ તે કઈ દિશામાં છે, તે જાણી ને જ તે દિશામાં જઈ શકાય છે. તેમ કોની ઉપાસનાથી મોક્ષ થઈ શકે તથા ક્યા મંત્રથી તથા કેવી ઉપાસનાથી મોક્ષ થઈ શકે અને ક્યું ધ્યાન શ્રેષ્ઠ ફળદાતા છે. તે માત્ર જ્ઞાનથી જણાય છે. અર્થાત્ જ્ઞાન સાચો માર્ગ બતાવે છે પરંતુ જ્ઞાન કોઈને ચલાવતું નથી, ત્યારે ધ્યાન માર્ગે ચલાવે છે. પરંતુ ક્યા માર્ગે જવું, તે બતાવતું નથી. તેથી જ્ઞાનરૂપી ચક્ષુ વિનાનું ધ્યાન અંધ હોવાથી અવળા માર્ગે ન જવાય તે જ્ઞાન બતાવે છે. જ્ઞાન પગ વિનાનું અપંગ હોવાથી ચાલી શકતું નથી, જ્યારે ધ્યાન માર્ગે ચલાવે છે અને જ્ઞાન વડે જાણેલા માર્ગે ધ્યાન વ્યોમે (આકાશે) ગતિ કરાવે છે. આ બન્ને હોવા છતાં આત્માને યોગમાર્ગમાં ઘણા વિઘ્નો આવે છે, તેમાંથી બચવા માટે દરેક યોગીએ ''અભ્યાસ વૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ।'' (યોગદર્શન, સમાધિપાદ,સૂત્ર ૧૨) એટલે અભ્યાસ અને વેરાગ્ય લૌકિક વૃત્તિઓનો નિરોધ થતો હોવાથી તે વડે યોગીએ વૃત્તિનિરોધ કરવો. આ રીતે નિરોધપૂર્વક,

એકયં જીવાત્મનોરાહુ યોગં યોગવિશારદાઃ ॥
વાચ્ય વાચકતાહીનં દ્વૈત ભાવ વિવર્જિતમ્ ।
અખંડ સચ્ચિદાનંદ ભાવયેત્તચ્છિખાંતરે ॥

(ભગવતી ભાગવત સ્કં. ૭, અ. ૩૫, શ્ર. ૨; ૩૪, શ્ર. ૪૮)

જીવ અને પરમબ્રહ્મનો અભેદ અનુભવ કરવો અર્થાત્ બ્રહ્મમાં એવા તલ્લક્ષ્ય નિમગ્ન થવું કે જેમાં હું આત્મા છું અને આ પરમાત્મા છે એવો ભેદ ન રહે. વાચ્ય અને વાચકના ભાવ વિના તથા દ્વૈતભાવ (ભક્ત અને ભગવાન, ધ્યાની અને ધ્યેય, આત્મા અને પરમાત્મા, બ્રહ્મ અને પરંબ્રહ્મ) ના ભિન્નભાવ રહિત કૂટસ્થ - આત્મજ્યોતિની બ્રહ્મ શિખામાં દૃષ્ટિ રાખી તે પરમાત્મા સુધી

પહોંચાય તેવું અખંડ સચ્ચિદાનંદનું તન્મય ધ્યાન કરવું. આ રીતે ધ્યાનમગ્ન થવું, તેનું જ નામ યોગ છે, એમ યોગશાસ્ત્રના વિશારદો માને છે.

તમારો આત્મા માયાનું સ્વરૂપ છે, એ ભાવના છોડી દો. જો માયાની મમતા છોડી દેશો તો તમે બ્રહ્મસ્વરૂપ છો. ''જન્તોર્નિહિતો ગુહાયામ્'' । (કૃષ્ણ યજુર્વેદીય કઠોપનિષત્ વલ્લી. મંત્ર ૨૦) એટલે તે આત્માગુહામાં રહેલા બ્રહ્મને પરમબ્રહ્મમાં યોજવો અને નિમગ્ન કરવો, તેજ યોગ છે. માટે પ્રયોગો વડે યોગસાધનાની પૂર્ણતા કરો. તમામના આશ્રયરૂપ અવિનાશી એકમાત્ર પરબ્રહ્મ છે. તેને આશ્રય આપનાર કોઈ નથી, કેમકે તે સ્વાશ્રયી છે, સ્વપ્રકાશિત છે. સ્વર્ગ, પૃથ્વી, મન અને સઘળી ઈદ્રિયોને યોગમાર્ગે કલ્પના માત્ર માન્યા છે. કેમકે નિદ્રા સમયે તેમાંની કોઈ વસ્તુ જણાતી નથી. માટે આત્માને, આત્મતત્ત્વને અને તેના પરમતત્ત્વને જાણો. બીજી વિદ્યાઓને છોડી દો, અક્ષરનારાયણ પરબ્રહ્મ સંસારૂપી સમુદ્રને તરવાના સેતુરૂપ (પુલરૂપ) હોવાથી તેમને અને તેમની માયાને ઓળંગી ગયા વિના મોક્ષાનુભવ અને મોક્ષપ્રાપ્તિ થશે નહિ. તે માટે કહ્યું છે કે :-

એતદાલમ્બન શ્રેષ્ઠમેતદાલમ્બનંપરમ્ ॥

(કાઠકોપનિષત, વલ્લી ૨, મંત્ર ૧૭)

માટે ઓમ્કારનું શ્રેષ્ઠ, પરમ આલંબન લઈને આત્માનું ચિંતવન કરશો તો વિશ્વરૂપ માયાના પેલે કાંઠે પહોંચવા માટે અવિધારહિત, મૂળ પૂર્ણબ્રહ્મણને પામવામાં તમને કોઈ અડચણ થશે નહિ. યોગી પુરુષો હૃદયમાં બુદ્ધિને સ્થિર કરીને પરમેશ્વરના સાક્ષાત્કારથી પરમાનંદ અનુભવે છે કે જે સર્વદા આનંદરૂપ અને મોક્ષરૂપ હોઈ અખંડ પ્રકાશે છે. એ પરમાત્માનો જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે ચૈતન્યની અને માયાની જે ગ્રંથિ પડેલી છે તે છિન્નભિન્ન થાય છે, સઘળા સંશયો છેદાઈ જાય છે અને પ્રારબ્ધ - કર્મ સિવાયના સઘળા કર્મોનો ક્ષય થાય છે. જો પ્રણવધ્યાનમાં બુદ્ધિરૂપ આનંદમયકોષથી આગળ વધશો તોજ, તે નિર્મળ અને માયારહિત બ્રહ્મને જાણી તત્સ્વરૂપ મોક્ષ થઈ શકશો.

એટલા માટે પાતંજલદર્શન, કૈવલ્યપાદમાં કહ્યું છે કે :-

નિર્માણ ચિત્તાન્યસ્મિતા માત્રાદ્ ।

પ્રવૃત્તિભેદે પ્રયોજકં ચિત્તમેકમનેકેષામ્ ।

તત્ર ધ્યાનજમનાશયમ્ ॥

યોગાત્મા ચિત્તને નિર્માણ કરે છે. એટલે પોતાની ઈચ્છાનુસાર જે વખતે વૃત્તિઓ માયામાં દોરવી હોય ત્યારે માયામાં દોરી શકે છે અને પરમાત્મામાં દોરવી હોય ત્યારે પરમાત્મામાં દોરી શકે છે. માયાવી કાર્ય વખતે માયાવી વૃત્તિને અને અલૌકિક કાર્ય વખતે અલૌકિક વૃત્તિને નાયક બનાવી દે છે. અર્થાત્ પૂર્વસિદ્ધિ (પ્રથમ વર્તમાન ચિત્ત) ને સઘળાનું નિયામક (નિયમમાં રાખનાર) બનાવે છે. જેથી તે નાયક ચિત્તના અભિપ્રાય અનુસાર સઘળાંની પ્રવૃત્તિ થાય છે. પરંતુ ચિત્તવૃત્તિનો સ્વભાવ સ્વવિષયાત્મક હોવાથી પાપના માર્ગમાં આગળ વધી શકે અને માયામાં તલ્લીન થઈ શકે, તેવી કંઈ પણ સ્વતંત્ર પ્રવૃત્તિ થઈ શકતી નથી. એટલે જે વખતે યોગાભ્યાસથી જીવાત્માની જેવી ઈચ્છા તેજ પ્રમાણે તમામ વૃત્તિઓ એકજ કાર્યમાં લીન થઈ જાય છે. તેથી જ્ઞાનવાન પુરુષોને અનેક ચિત્તવાળા માનવામાં આવે છે. પરંતુ ધ્યાનજન્ય સિદ્ધ ચિત્ત એજ સર્વથી શ્રેષ્ઠ અને કર્મ તથા કલેશની વાસનાથી રહિત છે. એટલે માયાવી વાસનાથી વિરક્ત હોય તેને આત્મચિત્ત વૃત્તિ કહોવાય છે કે જેથી પુણ્યવૃદ્ધિ થઈ શકે છે, પણ પાપવૃદ્ધિ થઈ શકતી નથી.

શિષ્ય :- ગુરુ અને ઉપગુરુ વિષય પર કાઈક કહો.

ગુરુદેવ :- મૂળ ગુરુ તો એકજ હોય છે અને ઉપગુરુ અનેક હોઈ શકે છે. જેની પાસેથી ભવસાગર પાર તરી જવાની વિદ્યા આશીર્વાદ, ગુરુમંત્ર આદિ ઉપદેશ મળે છે, તે ''ગુરુ'' અને જેની પાસેથી સંસારના પદાર્થો પ્રાપ્ત કરવાનું, સંસારના વ્યવહારો ચલાવવાનું જ્ઞાન મળે તે ''ઉપગુરુ'' છે. દત્તાત્રયે ૨૪ ગુરુ કર્યા હતા, કેમકે જ્યાંસુધી સત્ય, નિર્મળ અને શુદ્ધ જ્ઞાન ન મળે ત્યાંસુધી મનુષ્ય સત્ય જ્ઞાન મેળવવા અનેક ગુરુ કરે છે. ''ગુરુ મિલે લાખ પણ ચેલા

મિલે ન એક'', ઉપદેશકો તો અનેક મળે છે, પરંતુ પોતાના ઉપદેશ પ્રમાણે વર્થનાર તથા ઉપદેશના વચનાનુસાર આચરણ કરનાર ગુરુ-શિષ્ય બહુજ થોડા મળે છે. શાથી કે ગુરુ શુભાચરણવાન હોય તો શિષ્યો આળસુ હોય છે અને જ્યારે શિષ્યો પરમાત્મપદ મેળવવા પ્રયાસ કરનાર હોય ત્યારે ગુરુ માયાવી વૃત્તિના હોય છે. જેથી બંનેનું જોડું બરાબર મળતું નથી. કદાચ મળે છે પણ ગુરુકૃપા મળતી નથી. પરંતુ શિષ્યે સાચો પ્રેમ ધારણ કરી ગુરુકૃપા મળે કે નહિ તેની ચિંતા કર્યા સિવાય સત્કર્મ કર્યે જવું જોઈએ. આથી ગુરુને વહેલા નહિ તો પાછળથી પણ લંબાવેલા દિવસોના વ્યાજ સાથે અઢળક ગુરુકૃપા કર્યા સિવાય છૂટકો થવાનો નથી.

વૈદ્ય ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એમ ત્રણ પ્રકારના હોય છે. તેમાં જે વૈદ્ય રોગીની નાડી જોઈ ઔષધ ખાજો, એમ કહી ચાલ્યો જાય અને રોગીએ ઔષધ ખાદ્યું કે નહિ તેની ખબર કાઢતો નથી, તે અધમ વૈદ્ય જાણવો. જે વૈદ્ય, ઔષધ ન ખાતો હોય તેવા રોગીને 'ઔષધ ખાવીથી સારા થઈ જશો' વિગેરે મીઠા મધુરા શબ્દો કહે તે મધ્યમ વૈદ્ય જણાવો અને જે વૈદ્ય ઔષધ નહિ ખાનારા રોગની છાતી પર ચઢી બેસી બળપૂર્વક ઔષધ ખવડાવે, તેનેજ ઉત્તમ વૈદ્ય જાણવો. તે જ પ્રમાણે જે ગુરુ અથવા આચાર્ય (ઉપદેશકો)ધર્મનું શિક્ષણ આપી, શિષ્યની સંભાળ રાખતા નથી, તે ગુરુ અથવા આચાર્ય અધમ છે. જેઓ શિષ્યના કલ્યાણ માટે વારં - વાર તેને સમજાવ્યા કરે અને ઉપદેશ પ્રમાણે તેની પાસે પ્રેમભર્યું વર્તન કરાવવા માંડે તે મધ્યમ ગુરુ છે. પરંતુ જે શિષ્ય ઉપદેશ પ્રત્યે બરોબર લક્ષ્ય રાખતા નથી કે તેનું પાલન કરતાં નથી, તે જોઈને યુક્તિ - પ્રયુક્તિથી પણ પોતાના શિષ્યોને સત્કર્મના માર્ગે ચઢાવી તેઓનું કલ્યાણ કરે છે, તે જ ઉત્તમ ગુરુ છે.

કો વા ગુરુ ર્યોહિ હિતોપદેષ્ટા, શિષ્યસ્તુ કો યો ગુરુભક્ત એવ ।
કો દીર્ઘ રોગશ્ચ ભવાબ્ધિરેષ:, કિમૌષધં તસ્ય વિચાર એવ ॥
(મણિરત્નમાલા)

ગુરુ કોણ ? જે જન્મમરણના મહાન દુઃખોને મટાડી, અખંડ પરમપદનો હિતકર ઉપદેશ આપે તે. શિષ્ય કોણ ? જે સદા નિરાભિમાનતાથી રહી ગુરુની તન, મન અને ધનથી સેવા કરી નિર્મળ ગુરુભક્તિવાન થઈને રહે તે. સાધ્ય મનવાળા સાધુપુરુષોને અસાધ્ય રોગ ક્યો છે ? સંસાર અને તેનું ક્રિયમાણ (કરાતું યા થતું યા બનતું ક્રિયાકર્મ), તથા તેનું ઔષધ શુ છે ? સંસાર અને સાંસારિક કર્મ જૂઠા, નિષ્ફળ અને દુઃખદાયક છે અને પરમાત્માજ સત્ય, અખંડ, સફળ અને સુખદાયક છે, એમ વૈરાગ્યયુક્ત વિચાર કરવો તે.

ગુકાર શ્ચાન્ધકારોહિ રુકાર સ્તેજ ઉચ્ચતે ।
અજ્ઞાન ગ્રાસકં બ્રહ્મ ગુરુરેવ ન સંશય ॥
(ગુરુગીતા)

ગુરુ શબ્દમાં ''ગુ'' એ અંધકાર વાચક છે અને ''રુ'' તેજ વાચક છે. એમ અજ્ઞાનના નાશ કરનારા તે સાક્ષત્ પરમબ્રહ્મજ છે, એમાં શંકા નથી.

ગુકારં ચ ગુણાગીતં, રુકારં રુપવર્જિમ્ ।
ગુણાતીતમરુપંચ, યો દદ્યાત્સગુરુઃ સ્મૃતઃ ॥

ગુણકા શબ્દનો અર્થ ગુણાતીત છે, રૂકાર શબ્દનો અર્થ રૂપાતીત છે. એમ ગુણાતીત અને રૂપાતીત પરમાત્માના સ્વરૂપનું જ્ઞાનદાન કરે છે તેજ સદ્ગુરુ છે.

દેવકિન્નરગંધર્વાઃ પિતરો યક્ષચારણાઃ ।
મુનયોડપિ ન જાનંતિ ગુરુશુશ્રષણે વિધિમ્ ॥
(ગુરુગીતા)

દેવ, કિન્નર, ગંધર્વ, પિતૃ, યક્ષ, ચારણ અને મુનિઓ પણ ગુરુની પૂજા તથા સેવાની વિધિ જાણતા નથી. તેમ તેઓ પણ સવિધિ ગુરુભક્તિ કરી શકતા નથી.

મહાહંકાર ગર્વેણ, તપો વિદ્યા બલેન ચ ।
સંસાર કુહરાવર્તે, ભ્રમંતિ ઘટી યંત્ર વત્ ॥
(ગુરુગીતા)

દેવો તો વિદ્યાના બળથી અને હુંપદપણાના ગર્વથી સંસારરૂપ ગુફાની મધ્યમાં જેમ ઘટમાળ ભરાતી ઠલવાતી ભમ્યા કરે છે, તેજ પ્રમાણે જન્મમરણરૂપ ગોથાં ખાથા કરે છે, માટે દેવોને દુર્લભ એવી ગુરુની સેવા તથા વિધિ છે. તેને પાળી, પ્રેમથી ગુરુની ભક્તિ કરવી જોઈએ. કેમકે ગુરુમુખમાં જે બ્રહ્મવિદ્યા રહેલી છે, તે ગુરુની ભક્તિ કરવાથી મળે છે. ત્રિલોકમાં દેવ, પન્નગ કે અસુરો કોઈપણ ગુરુના જેવી ચોકખી રીતે બ્રહ્મવિદ્યા સમજાવી શકતા નથી, અર્થાત્ ગુરુ જેવી કૃપાથી તથા સંપૂર્ણ હર્ષથી સદ્બોધ આપે છે, તેવો કોઈ આપી શકતું નથી, તેથી ગુરુ તો ઈશ્વર કરતાં પણ અધિક છે. કેમકે,

શિવે રુષ્ટે ગુરુસ્ત્રતા, ગુરૌ રુષ્ટે નકશ્ચન । (મણિરત્નમાળા)

જેનો પ્રબળ કોપ છે તેવા શંકરનો જો કોપ થયો હોય તો ગુરુ રક્ષા કરી શરણે રાખે છે, પરંતુ જો ગુરુનો શિષ્ય પર આંતરિક ક્રોધ થયો તો કોઈપણ દેવ, ઈશ્વર કે વિશ્વેશ્વર શરણે રાખતા નથી તેમજ બચાવતા નથી. ત્વાં હિ નઃ પિતા યોઽસ્માકમવિદ્યાયાઃ પારંયાસ્યસિ । (શ્રુતિઃ) ઉત્પાદકબ્રહ્મદાત્રો ગરીયાન્બ્રહ્મદઃ પિતાઃ । તસ્માત્સૂતાત્મજ ત્વત્ત્વઃ સત્યંનાન્યોઽસ્તિનો ગુરુઃ ॥ (શિવગીતા)

જેના વડે સંસાર અને માયાનો પાર પમાય છે અને જેનાથી બ્રહ્મજ્ઞાન મળે છે તેવા એકજ (ગુરુ) પિતા સિવાય બીજો કોઈ પિતા શ્રેષ્ઠ નથી. કેમકે પોતાના પિતા તે દેહના પિતા છે અને બ્રહ્મજ્ઞાન આપનાર ગુરુ તો ત્માના પિતા છે. આ બેમાં બ્રહ્મજ્ઞાન આપનાર પિતાજ શ્રેષ્ઠ છે. માટે ઋષિઓ સૂતજીને કહે છે કે :- હે સૂતજી ! તમારાથી અધિક અમારો કોઈ ગુરુ નથી. અર્થાત્ જે બ્રહ્મજ્ઞાનને આપી શકે અને માયાપાર ન ઊતારી શકે તે ગુરુ થવાને યોગ્ય નથી.

શિષ્ય :- ગુરુ કેવા હોવા જોઈએ, તે વિષે કહો.

ગુરુદેવ :- જે જ્ઞાની, ધ્યાની, સદાચારી, પવિત્ર નિષ્કલંક, ક્રોધરહિત, પરદારા અને પરધનનો ત્યાગ કરનાર, માન-મહત્તા ન માંગે તેવા, અહંકાર

અને મમતાનો નાશ કરનાર, દરેક પ્રત્યે પ્રેમ રાખનાર, પોતાની સેવા નહિ કરાવનાર, એવા અનેક પવિત્ર ગુણોવાળો ગુરુ થવાને લાયક છે. પણ જે પરદારાગમન, વ્યસન અને અહંકારમાં મગ્ન થયેલ હોય તથા પોતાની સેવા કરાવનાર, વ્યસની અને ચારિત્ર્યહીન હોય તે ગુરુપદને સહેજ પણ લાયક નથી. એટલું જ નહિ પણ શિષ્ય થવાને પણ લાયક નથી અને તેવા ધૂર્તને ગુરુ માનવા તે ધર્મ નથી પણ ધર્મના બહાને મહાન પાપ છે. આવા મનુષ્યના ગુણ જોઈને તરત તેનો ત્યાગ કરવો જોઈએ. જેમ કાજળની કોટડીમાં પેંસવાથી ડાઘ લાગ્યા વિના રહેતો નથી, તેમ આવા પાપી મનુષ્યના સંગમાં રહેવાથી પાપના ડાઘ લાગ્યા સિવાય રહેતા નથી. તેમજ જેમ ગંગાજળ પવિત્ર છે પણ જો તેને ચામડાંની પખાલમાં ભરાય તો તે પીવા ખપ લાગતું નથી, તેમ આવા પાપત્માની પાસેથી પ્રાપ્ત કરેલ મંત્રોપદેશ અને જ્ઞાન સફળ થતાં નથી પણ અસફળજ જાય છે. જે સાચા અને પવિત્ર ગુરુઓ છે કે જેમના મુખમાંથી ન્યાય, નીતિ, વિવિકે, વ્યવહાર, ધર્મ અને પવિત્રતાથી વિરુદ્ધ એક અક્ષર પણ નીકળે તેમ નથી, તેવાજ ગુરુના વચન માનવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે. પરંતુ આવા મહાન પુરુષના દાખલાથી દંભી ગુરુઓ પોતાની પાપવાસના પૂરી પાડયા પોતાની આજ્ઞા પાળવા કહે છે. પણ તે પ્રમાણે માનવું અને પાળવું એ નરકમાં જવાના સાધનરૂપ છે. જે પવિત્ર પુરુષો છે તે ગુરુભાવ અને અહંકાર ન રાખતાં ભ્રાતુભાવથી દરેકને ઉપદેશ આપે છે. પરંતુ જેઓ દંભી, ઢોંગી, સ્વાર્થી અને અધૂરો ઘડો છલકાય તેમ થોડું ઘણું જ્ઞાન મળતાં જ્ઞાનના ઈજારદાર થઈ બેસનાર મિથ્યાભિમાનીઓ સાચા ગુરુ નથી, પણ તેઓ સાચા ગુરુઓના નામને બટ્ટો લગાડનાર અને કલંકરૂપ છે પવિત્ર માતા પિતાનો પરિવાર હોય તે દંભી, દુરાચારી કે ચારિત્ર્યહીન કદાપિ નીકળેજ નહિ. માટે પુણ્ય કરતાં સહેજ પણ પાપ ન થાય અને ધર્મના નામે પૈસો કમાવા ગુરુ થઈ બેઠેલા પાખંડીઓની પ્રપંચજાળમાં ન ફસાવાય, એ ખાસ ધ્યાનમાં રાખીને ધર્મનિષ્ઠા પુરુષોએ ધર્મમાં આગળ વધવું.

(વધુ આવતા અંકે)

ગુરુપૂર્ણિમા મહોત્સવ

સવંત ૨૦૭૪ ના અષાઢ સુદ ૧૫ ને શુક્રવાર તા. ૨૭-૦૭-૨૦૧૮ ના રોજ ગુરુપૂર્ણિમા ઉત્સવ હોવાથી આ મંગલ મહોત્સવ તા. ૨૬-૦૭-૨૦૧૮ ને ગુરુવાર અને તા. ૨૭-૦૭-૨૦૧૮ ને શુક્રવાર એમ બે દિવસ માટે વલ્લભાશ્રમ અનાવલ મુકામે આનંદપૂર્વક ઉજવવામાં આવશે.

જેથી દરેક ધર્મબંધુ ભાઈ - બહેનોએ તા. ૨૫-૦૭-૨૦૧૮ ને બુધવાર સાંજ સુધીમાં વલ્લભાશ્રમ અનાવલ મુકામે આવી રહેવું.

ખગ્રાસ ચંદ્રગ્રહણ

અષાઢ સુદ ૧૫ ને શુક્રવાર તા. ૨૭-૦૭-૨૦૧૮ ના રોજ રાત્રે ૧૧-૫૫ પછી ચંદ્રગ્રહણ શરૂ થતું હોવાથી તે દિવસે બપોરે ૩-૦૦ વાગ્યા પછી ભોજન કરવું નહીં. ચંદ્રગ્રહણ ના સમયે એટલે કે રાત્રે ૧૧-૫૫ થી મળસ્કે ૩-૫૦ કલાક દરમ્યાન સૂર્ય મંત્ર, મંગળ મંત્ર, શનિ મંત્ર, રાહુ મંત્ર, તથા લઘુ મંત્ર, ગુરુ મંત્ર, અને મહા મંત્ર દ્વારા જાપ કરવા.

“‘જ્ઞાનયોગ ઉપાસનામાં જીવન પર્યંત સ્થિર રાખનાર તથા અંતિમ સમયે પ્રભુમાં લક્ષ્ય સ્થિર કરાવનાર અને તેવા એક લક્ષ્યથી મોક્ષ આપનાર માત્ર શ્રદ્ધા છે. મહાનયોગી પતંજલિએ કહ્યું છે કે : કર્મનું ફળ ન મળવા છતાં, આત્મજ્ઞાન સિદ્ધિ ન મળવા છતાં, જે યોગી શ્રદ્ધાવાન હશે તે જ જ્ઞાન અને યોગમાં અસ્ખલિત લાગુ રહેશે. પરંતુ જેનામાં શ્રદ્ધા નહિ હોય તે અવશ્ય તૂટી જશે. માટે જેમ માતા બાળકને જન્મ આપે, મળમૂત્ર ધુએ છે, બોલતાં ચાલતાં શીખવાડે છે, મૂર્ખમાંથી મહાન મનુષ્ય બનાવે છે, તેમ શ્રદ્ધા જિજ્ઞાસુ મનુષ્યને જ્ઞાની, યોગી અને સિદ્ધપુરુષ બનાવે છે. માટે જેમ માતા વિના બાળકને ચાલતું નથી, તેમ શ્રદ્ધા વિના ભક્ત અગર યોગીથી ક્ષણભર રહી શકાય નહિ અને જ્ઞાન ધ્યાન અને શ્રધ્ધા ત્રણે એકત્ર થાય તેનું જ નામ ભક્તિ છે.”

વર્ષ-૧૪, અંક-૦૬, સંવત ૨૦૭૪ દ્વિ. જેઠ સુદ-૧૪ બુધવાર તા. ૨૭-૬-૨૦૧૮

માલિક, મુદ્રક/પ્રકાશક અને તંત્રી : જયવર્ધન રમુજીલાલ વ્યાસ
વલ્લભવાડી રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
દ્વારા તા. ૨૭-૦૬-૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ કર્યું.

ચેતવણી કાર્યાલય : વલ્લભવાડી, રામબાગ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

મુદ્રણ સ્થળ : ભવાની ઓફસેટ, ૩/૨૦, કૈલાસ એસ્ટેટ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.